સોગંદ આપ્યા.....

**<u>સામાવાળા નં.૧ તર્ફે હર્ષદીપ.કે.આચાર્યની આંક–૨૩ની સરતપાસ લગત અરજદાર તર્ફે ઉલટ તપાસ વિ.વ.શ્રી, પી.આર.દવે</u>**

(૧) હું હાલ જમીન સંપાદન અને પ્રાંત અધીકારી તરીકે ધ્રાગંધ્રા મુકામે તારીખ ૭/૧૧/૨૦૨૩થી ફરજ બજાવું છું. એ વાત ખરી છે કે, હાલના કેસનો જમીન સંપાદનનો એવોર્ડ મેં જાતે બનાવેલ નથી. એ વાત ખરી છે કે, તેથી મને આ એવોર્ડની જાતમાહીતી નથી. એ વાત ખરી છે કે, હું રેકર્ડ આધારીત જુબાની આપુ છું. એ વાત ખરી છે કે, મેં જે સંપાદીત કરેલ છે તેનું સ્થળ ઉપર જાતનીરીક્ષણ કરેલ નથી કે તે જમીન જોયેલ નથી. એ વાત ખરી છે કે, આ જમીન નર્મદા કેનાલ યોજના અંતર્ગત સંપાદીત કરવામાં આવેલી છે. એ વાત ખરી છે કે, આ સંપાદીત થયેલી જમીન હળવદ તાલુકાના મયુરનગર ગામની છે.

સવાલ:– મયુરનગર ગામ ધનાળા અને માળીયા–અમદાવાદ હાઈવેને અડીને આવેલ છે ?

જવાબ:– માળીયા–અમદાવાદ હાઈવેથી પ્રથમ મયુરનગર ગામ આવે છે અને પછી ધનાળા ગામ આવે છે.

એ વાત ખરી છે કે, માળીયા–અમદાવાદ હાઈવે ચાર માર્ગીય ધોરીમાર્ગ છે. એ અંગેની મને જાણકારી નથી કે, આ ચાર માર્ગીય ધોરીમાર્ગ પર ઘણા બધા પેટ્રોલપંપો, હોટલો અને ઈન્ડસ્ટ્રીઝ આવેલી છે. એ વાત ખરી છે કે, હું ધ્રાગંધ્રા પહેલા મોરબી જીલ્લામાં પ્રાંત અધીકારી તરીકે ફરજ બજાવતો હતો. એ વાત ખરી નથી કે, હું હળવદના પ્રાંત અધીકારી તરીકે મોરબી ખાતે ફરજ બજાવતો હોવાથી હળવદ તાલુકાના તમામ ગામોની જાતમાહીતી હોય છે. એ વાત ખરી નથી કે, અમારી ફરજ બજાવવાનું સ્થળ મોરબી ખાતે હોવાથી હળવદ આવવા માટે અવારનવાર માળીયા–અમદાવાદ હાઈવે પરથી પસાર થતા હતા. એ વાત હું કહી શકુ નહી કે, જે ગામો હાઈવેને અડીને આવેલ હોય તેનો વીકાસ ખુબ સારો થતો હોય છે. એ વાત ખરી નથી કે, મયુરનગર ખુબ જ વીકસીત ગામ છે. મને હાલના કેસના સંપાદીત થયેલ જમીનોના શું ભાવ છે તેની જાણકારી નથી. મેં હાલના કેસનો અભ્યાસ કરેલ નથી. એ વાત ખરી છે કે, આ અરજદારના રેવન્યુ રેકર્ડની મને જાતમાહીતી નથી. એ વાતનો મને ખ્યાલ નથી કે, સંપાદીત થયેલ જમીનમાં બોર, પાકો કુવો અને વીજ કનેકશન આવેલ છે. એ વાતનો મને ખ્યાલ નથી કે, સંપાદીત થયેલ જમીન ખુબ જ ફળદ્રુપ છે.

એ વાત ખરી નથી કે, મને તમામ વસ્તુની જાતમાહીતી હોવા છતા મારા સરતપાસના સોગંદનામાના પેરા નંબર ૫માં ખોટી હકીકત જણાવેલી છે. એવું બની શકે કે, કોઈપણ જમીનની વેંચાણ કીંમત લેનારની જરૂરીયાત તથા વેંચનારની ઈચ્છા

ઉપર આધારીત હોય છે. મને એ વાતની જાતમાહીતી નથી કે, આ કામનો એવોર્ડ જમીનની વેંચાણ કીંમતના આધારે બનાવેલ છે.

સવાલ:– જમીન સંપાદનની બજાર કિંમત માત્ર વેંચાણ કીંમત ઉપરથી નકકી કરવામાં આવેલ છે તે સિવાય અન્ય કોઈ માપદંડ ધ્યાને લેવામાં આવેલ નથી ?

જવાબ:– જમીનની બજાર કીંમત છેલ્લા પાંચ વર્ષના વેંચાણ દસ્તાવેજના આધારે નકકી કરવામાં આવેલ છે.

એ વાત ખરી છે કે, હાલના કામનો એવોર્ડ મારા પુરોગામી પ્રાંત અધીકારીશ્રી દ્રારા કરવામાં આવેલ છે. એ વાત ખરી નથી કે, જે રજીસ્ટર્ડ દસ્તાવેજો અને રેવન્યુ રેકર્ડ અરજદારે રજુ કરેલ છે તે પિયત જમીનના છે. એ વાત હું કહી શકુ તેમ નથી કે, અરજદારની જે જમીન સંપાદીત થઈ છે તેમાં અરજદાર દર વર્ષે ત્રણ પાક લેતા હતા. મયુરનગર ગામની અંદર પ્રાથમિક શાળા અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આવેલ હતા પરંતુ તેમાં હાઈસ્કુલ આવેલ હોવાનો મને ખ્યાલ નથી. એ હું કહી શકુ નહી કે, મયુરનગર હળવદ ગામથી આઠ કી.મી. દુર થતા અમદાવાદ–માળીયા હાઈવેથી ચાર કી.મી. દુર આવેલ છે. એ વાત ખરી નથી કે, અરજદારને વધુ વળતરની રકમ ન ચુકવવી પડે તેથી હું સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છું.

ફેરતપાસ નથી.

સ્થળ:– હળવદ.
તારીખ:– ૧૧/૯/૨૦૨૫

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)

પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,હળવદ

પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,હળવદ

પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ, હળવદ.
કોડ નં.જીજે. ૦૦૭૧૧